અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજી. સાહેબશ્રીની કોર્ટ નંબર – ૧૨, અમદાવાદ.

ક્રિ. કેસ. નં..................

## આંકઃ૧ અન્વયે હુકમ

(૧) ફરીયાદીને સાંભળ્યા. પુરસીસ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા જણાઈ આવે છે કે આ કામે સમન્સ / નોટીસ પક્ષકારોને કાઢતા ફરીયાદી / ભોગ બનનારે આંકઃ૩ ની પુરસીસથી જાહેર કરેલ છે કે, તેઓને તેમનો મુદામાલ વાહન પરત મળી ગયેલ છે. અને તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ પુરાવો આપવા માંગતા નથી. તેઓ આરોપી વિરૂદ્ધનો ગુનો દર ગુજર (કમ્પાઉન્ડ) કરે છે અને સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી. ફરીયાદી / ભોગ બનનારને તેઓએ આપેલ પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત બાબતે આ અદાલતે એ નિર્ણય કરવાનો છે કે આરોપીને કેસનો સમન્સ બજેલ ન હોઈ, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ ન હોય અને ફરીયાદી / ભોગ બનનારે આપેલ પુરસીસમાં આરોપીની સહી ન હોય તો પણ આ અદાલત આરોપી વિરૂદ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કંમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? અદાલતના ધ્યાન ઉપર નીચેની ઓથોરીટી આવેલ છે.

૧. *વાય. પી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા. ૨૦૦૮ ક્રિ. લો. જ. પાન નંબરઃ૯૨૮.*

૨. *યેસુદાસ એન્ડ અધર્સ વિ. પી. એસ. આઈ. કલ્લામેસરી એન્ડ અધર્સ ૨૦૦૮ ક્રિ. લો. જ. પાન નંબરઃ૧૨૯૦*

(૩) ઉપરોકત ચુકાદામાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

એ. ક્રિ. પ્રો. કોડની કલમઃ૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક

પક્ષીય પ્રક્રિયા છે. દવીપક્ષીય ક્રિયા નથી.

બી. ક્રિ. પ્રો. કોડની કલમઃ૩૨૦ ( ૧ ) અને ૩૨૦ ( ૨ ) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કોલમ નં. ૩ માં જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

સી. કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહી.

ડી. ક્રિ. પ્રો. કોડની કલમઃ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતા અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

ઈ. ક્રિ. પ્રો. કોડની કલમઃ૩૨૦ માં ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા અદાલત ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

( ૪ ) આ, ઊપરોકત ચુકાદાઓમાં ઠરાવેલા સિદ્ધાંત ધ્યાને લીધા. સદર સિદ્ધાંત મુજબ ક્રિ. પ્રો. કોડની કલમઃ૩૨૦ મુજબ ગુનો દર ગુજર માફ ( કમ્પાઉન્ડ ) કરવા માટેની માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની અદાલત સમક્ષ હાજરી પણ ફરજીયાત નથી. જો કે હાલના કેસમાં ફરીયાદીએ આંકઃ૦૩ થી પુરસીસ રજુ કરેલ છે જેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે. ફરીયાદીની હકીકત ધ્યાને લેતાં જો પુરસીસ ગ્રાહ્ય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકસાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહ્ય રાખવામાં આવશે તે રીતે ફરજ પાડવામાં આવે તો પણ કેસના પરિણામમાં કોઈ ફરક પડશે નહી. ફરીયાદી/ ભોગ બનનારે સ્વૈચ્છીક રીતે કંમ્પાઉન્ડ માટેની અરજી આપેલ હોઈ આરોપી હાજર નથી

કારણોસર ફરીયાદી/ ભોગ બનનારની પુરસીસ ગ્રાહ્ય ન રાખવાથી અર્થહીન કાર્યવાહી થશે અને ફરીયાદી/ ભોગ બનનારને અદાલતમાં ફરી આવવાનું થશે તેમજ સરકારી નાણાંનો વ્યય થશે.

(૫) આમ ઉપરોક્ત તમામ ચર્ચાને ધ્યાનમાં લઈ ફરીયાદી/ ભોગ બનનારની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧. આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમઃ૩૨૦ (૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ. પી. કો. કલમઃ૩૭૯, ૧૧૪ ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ થયેલ હુકમ શરતો રદ કરી કાયમ કરવામાં આવે છે.

૩. આરોપીના જામીન અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

હુકમ આજ તારીખઃ ૧૦ મી માહે ફેબ્રુ. અને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

૧૦/૨/૧૮

(એસ.એમ.સોલંકી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૨, અમદાવાદ.
કોડ નં. જીજે ૦૦૫૧૪

અમદાવાદ.
તા.૧૦/ ૨ /૨૦૧૮